# ન્યૂ ગાંધીનગરમાં દિવસ દરમ્યાન લાઈટ ત્રણ-ચાર વખત જતી રહે છે

## અંધારપટના કારણે સલામતીના પ્રશ્નો ઊભા થાય છે એપાર્ટમેન્ટમાં જનરેટર સેટ વસાવી લેવાયા છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરની ચોતરફ આકાર લઈ રહેલા ન્યૂ ગાંધીનગરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની તરફથી પૂરા પાડવામાં આવતા સપ્લાયમાં દિવસ હોય કે રાત્રી લાઈટ ત્રણ થી ચાર વખત જતી રહે છે.

ગામડામાં ૨૪ કલાક સિંગલ ફેઈઝની વીજળી મળે છે તેવું કહેવામાં આવે છે પરંતુ પાટનગરમાં જ વસતા વસાહતીઓ માટે આ એક પડકારરૂપ સમસ્યા બનતી જાય છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં દિવસે બે વખત અને રાત્રીએ એક વખત લાઈટ જતી રહે છે.



શહેરના ઈન્ફોસિટી પાસે આકાર લઈ રહેલા ન્યૂ ગાંધીનગરમાં ઉત્તર ગુજરાત વીજ કંપની તરફથી વીજળીની સુવિધા આપવામાં આવી છે પરંતુ કોઈને કોઈ કારણોસર વીજળી ૨૪ કલાક એકધારી ટકી શકતી નથી. ઘણી વખત તો બે કલાક સુધી લાઈટ આવતી નથી.

ગાંધીનગરમાં ટોરેન્ટ વીજ પાવરની વીજળી હોવાથી ફોલ્ટ સિવાય ક્યારેય લાઈટ જતી નથી પરંતુ ન્યૂ ગાંધીનગરમાં રહેતા આશરે ૭૦૦૦ જેટલા પરિવારો માટે સલામતીનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. પ્રત્યેક ઘરમાં મીણબત્તી કે ફાનસ રાખવું પડે તેમ છે.

ન્યૂ ગાંધીનગરમાં વીજળીના ધાંધિયાથી ત્રાસેલી કેટલીક સોસાયટીઓ અને એપાર્ટમેન્ટના રહિશોએ સમૂહમાં જનરેટર સેટ વસાવ્યા છે પરંતુ ડિઝલ હોવાના કારણે પ્રદૂષણની માત્રા વધી જાય છે. કરિયાણાની દુકાનમાં બેટરીનું વેચાણ પણ વધ્યું છે. આ વિસ્તારમાં ટોરેન્ટની વીજળી આપવાના વાયદા થાય છે પરંતુ હજી કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું નથી.

ઉનાળામાં આ સ્થિતિ રહી છે તો ચોમાસામાં ખુલ્લા કેબલોમાં આફત સર્જાવાની શક્યતા છે. ભારે વરસાદ અથવા તોફાની પવનમાં કલાકો સુધી લાઈટ જશે ત્યારે આ પરિવારોની હાલત દયનીય બની રહેશે.

## ડી.એસ.પી. કચેરી ગાંધીધામમાં રેકર્ડ મેનેજમેન્ટ તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય અભિલેખાગાર જૂનાગઢ દ્વારા તાજેતરમાં ડી.એસ.પી. કચેરી ગાંધીધામમાં રેકર્ડ મેનેજમેન્ટની તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડી.એસ.પી. કચેરીના ૫૦ કરતાં વધારે અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તાલીમ મેળવી હતી.

'રેકર્ડ મેનેજમેન્ટ'ની તાલીમ પ્રસંગે સ્વાગત પ્રવચન કચેરી અધિક્ષક એસ.એમ. ડોરૂ દ્વારા કરવામાં આવ્યું હતું. જૂનાગઢના અધિક્ષક જિતેન્દ્ર શાહ દ્વારા કર્મચારીઓને રેકર્ડની અગત્યતા, રેકર્ડનું વર્ગીકરણ, આર્કિવલ, બિલ્ડીંગ, રેકર્ડ સુરક્ષા માટેનાં વિવિધ ઉપાયો, શોધ, માધ્યમો, રેકર્ડ નાશની પ્રક્રિયા, જુના દેશી રાજ્યો-પોરબંદર, જૂનાગઢ, કચ્છ, વડોદરા વગેરેનો ઐતિહાસિક દસ્તાવેજો, રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ અને રેકર્ડ વિશેની રસપ્રદ સમજૂતી આપી હતી. કાર્યક્રમના અંતે જૂનાગઢના અધિક્ષક દ્વારા તમામ કર્મચારીઓ સાથે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ નાયબ પોલીસ અધિક્ષક ડી.આર. ચુડાસમાએ કરી હતી.

## ઓટો રિક્ષા ચાલક સમિતિની ૮મીએ ઉસ્માનપુરાથી ગાંધીનગર સુધીની રેલી યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

સામાન્ય ઓટો-રિક્ષા ચાલક આંદોલન સમિતિની મળેલી સામાન્ય સભામાં રિક્ષા ચાલકોના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. રિક્ષા ચાલકો માટે સી.એન.જી. પરના વેટની નાબૂદી, ભાવ વધારો, પરમીટ પર પ્રતિબંધ જેવા પ્રશ્નોની રજૂઆત માટે સામાન્ય ઓટો-રિક્ષા ચાલક આંદોલન સમિતિ તા. ૮મી જૂન-૨૦૧૨ને શુક્રવારે ઉસ્માનપુરા ગાર્ડન, આશ્રમરોડ, અમદાવાદ ખાતેથી ગાંધીનગર સુધી રેલી કાઢશે અને મુખ્યમંત્રીને મળી પોતાના પ્રશ્નોની રજૂઆત કરશે એમ સમિતિના મુખ્ય કન્વીનર અશોક પંજાબીએ જણાવ્યું છે.

## ગાંધીનગરમાં ગરમી નહિ, બફારો વધુ છે

### સખત તાપની સાથે સાથે ભેજનું પ્રમાણ વધુ રહેતા બફારો ખુબ થાય છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં સખત ગરમી પડી રહી છે તેની સાથે જ બફારો થતાં વસાહતીઓ પરસેવે રેબઝેબ બની રહ્યા છે. લઘુત્તમ તાપમાન પણ ૨૭.૫ ડિ.સે. જેટલું ઉંચુ રહેતા રાત્રે ખુબ હેરાન પરેશાન થવાય છે.

મહત્તમ તાપમાન છેલ્લા કેટલાય દિવસોથી ૪૧-૪૨ ડિગ્રીની વચ્ચે રહે છે. આખો દિવસ સખત લૂ ફૂંકાય છે. સાંજે સૂર્યાસ્ત બાદ પણ ગરમ પવનો શહેરને ભરડામાં લઈ લે છે. છેક મોડી સાંજે જમીન થોડીક ઠંડી થાય તે પછી રાહત મળે છે.

ચોમાસાની ઋતુના પવનો થોડા થોડા સક્રિય બન્યા હોવાથી વાતાવરણમાં ભેજનું પ્રમાણ ધીમે ધીમે વધી રહ્યું છે. ભેજ આજે સવારે ૬૨ ટકા અને સાંજે ૩૦ ટકા રહ્યો હતો. ભેજ વધતા બફારો ખુબ થાય છે અને પરસેવે નાહી જવાય છે. પરસેવાના કારણે ગભરામણ થવા લાગે છે. ઉનાળાના આખરના દિવસો ઝડપથી પસાર થાય અને પહેલુ ચોમાસુ બેસે તેની જ વસાહતીઓ રાહ જોઈ રહ્યા છે.

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના મેડિકલ કેમ્પનો ૨૦૦ દર્દીઓએ લીધેલો લાભ



ગાંધીનગર, તા. ૨૭

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત અને સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય તથા એપોલો હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં મફત મેડિકલ કેમ્પ યોજાયો હતો. ૨૦૦ જેટલા દર્દીઓ તેનો લાભ લઈ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગાંધીનગર સેક્ટર-૨૩ ગુરુકુળ વિદ્યાલયમાં યોજાયેલા આ મેડિકલ કેમ્પનો રામસ્વામીએ દીપ પ્રાગટ્ય કરીને શુભારંભ કરાવ્યો હતો, જેમાં એપોલો હોસ્પિટલના સ્તન કેન્સર સર્જન ડૉ. અનધા ઝોપે, ડૉ. મૌલિક પટેલ, ડૉ. ચિરાગ કળિયા, ડૉ. કિરણ ગજ્જર અને તેમની સમગ્ર ટીમે દરદીઓની તપાસ કરી સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પમાં ૨૦ જેટલા ઈકો ચેક અપ પણ કરવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં જનરલ કાર્ડીયાક, જનરલ ગાયનેક, બી.પી., ડાયાબીટીસ, સ્તન કેન્સર, ઈસીજી વગેરેની તપાસ કરવામાં આવી હતી.

મેડિકલ કેમ્પમાં ટ્રસ્ટના લક્ષ્મણભાઈ કંસારા, મગનભાઈ કાકડિયા, જીલુભા ધાધલ, રમેશ પાઠક, દીપક તન્ના, જી.પી. પટેલ, ચંદુભાઈ કિશોર, કૌશિક ભટ્ટ વગેરેએ સતત દરદીઓની સેવામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા અપાવી હતી.



## સિન્ડીકેટ બેંકની ગાંધીનગર શાખા દ્વારા ગ્રાહક સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

સિન્ડીકેટ બેંકની ગાંધીનગર શાખા દ્વારા તાજેતરમાં ગ્રાહક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંકે વર્ષ દરમિયાન જે વિશિષ્ટ કામગીરી કરી છે તેની વિગતો આપી હતી તથા ગત નાણાકીય વર્ષમાં રૂ. ૧૩૧૩ કરોડનો નફો કર્યો છે તે અને ૩૮ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે તેની જાણ કરી હતી.

બેંકની ગાંધીનગર શાખા દ્વારા યોજાયેલા ગ્રાહક સંમેલનમાં મુખ્ય અતિથિ તરીકે આર.ટી.આઈ.ના નિયામક આર.ડી. વૈદ્ય અને અતિથિ વિશેષ તરીકે કર્નલ એમ.એસ. પન્નુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આર.ડી. વૈદ્યે બેંકના કર્મચારીઓ અને મેનેજરની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, 'જે રીતે સિન્ડીકેટ બેંકે પ્રાયોરીટી સેક્ટરનો વિશાળ લક્ષ્યાંક ૧૦૭ ટકા પાર કર્યો છે જે આવકાર્ય છે.' કર્નલ એમ.એસ. પન્નુએ પણ બેંકની કામગીરીનાં વખાણ કર્યા હતા.

સમગ્ર સંમેલનની ચર્ચામાં પ્રફુલભાઈ પટેલ, ડૉ. અનિલ વૈદ્ય, પી.એમ. અસારી, પી.પી. જોષી, યાકુબભાઈ મનસુરી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉપયોગી સૂચનો કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનિત ઓઝાએ અને આભારવિધિ ચંદુભાઈ મકવાણાએ કરી હતી.

## છેલ્લા ત્રણ દાયકાથી અટવાતું બાલવા ચોકડીનું સર્કલ

ગાંધીનગર, તા. ૨૭

અંબાજી, ખેરાલું, ગોઝારીયા, મહેસાણા, માણસા, વિજાપુર, સિધ્ધપુર એસ.ટી. બસોની તેમજ ખાનગી વાહનની તથા ભારે વાહનોની અવર જવર વધુ હોવાથી બાલવા ચોકડીએ સર્કલ બનાવવાની ખાસ જરૂર છે. આ માર્ગપર જીવલેણ અકસ્માતો બનાવોનો ભય તોળાય છે. સર્કલ બનાવવાથી ગ્રામજનો તથા રાહદારીઓની મોટી સગવડ મળી રહે તેમ છે. બાલવા ગ્રામ પંચાયત છેલ્લા ૩૦ વર્ષથી લેખિત અને મૌખિક પાટનગર યોજના ભવનના અધિકારીઓને માગણી કરે છે. છતાં કોઈ અગમ્ય કારણોસર સર્કલ બનાવતું નથી તો સત્વરે સર્કલ બને તેની ગ્રામજનોની પ્રબળ લાગણી છે.

## 'પ્રેગનન્સી કેર' સેમિનારનું ૧લી જૂને આયોજન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના જાણીતા ફીઝીઓથેરાપી ડોક્ટર હિના નિમાવતે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૧લી જૂન-૨૦૧૨ના રોજ ગાંધીનગરના સેક્ટર-૬-બી ખાતે આવેલી ગાયત્રી હોસ્પિટલમાં મહિલાઓ માટે 'પ્રેગનન્સી કેર' સેમિનાર યોજાશે. જેનો દરેક મહિલાઓ લાભ લઈ શકશે.

મહિલાઓને ગર્ભ સંસ્કાર - 'પ્રેગનન્સી કેર' આપવાના સેમિનારમાં તજજ્ઞ ડૉક્ટર્સ દ્વારા પ્રેગનન્સી વખતે રીલેક્ષેશન, બ્રીધીંગ અને મેડિટેશન યોગા, બેક-પેટના સ્નાયુ માટે યોગા, ડાયેટ પ્લાન, મધર-બેબી કેર, ટીપ્સ, વજન ઘટાડવા માટે સ્પેશ્યલ મધર એરોબિક્સ ક્લાસ તેમજ યુરીન લીક થવું, સારણ ગાંઠ, પેઢુ, કમરનો ઘેરાવો વધવો, બેક-લેગમાં સાયેટીકા જેવી તકલીફ માટેની સારવાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.

## અમદાવાદની રથયાત્રામાં નિવૃત્ત DYSP વનાર રચશે નવો ઈતિહાસ

અમદાવાદ, તા. ૨૭

રથયાત્રામાં આ વર્ષે નિવૃત્ત ડી.વાય.એસ.પી પોતાની ફરજ કાળ દરમ્યાન પોલીસ અને પ્રજા વચ્ચે શાંતિનો મજબૂત સેતુ બાંધવા બદલ એક નવો ઈતિહાસ સર્જવા જઈ રહ્યા છે. તેઓ પોતાની ફરજમાંથી નિવૃત્ત થયા હોવા છતાં પોલીસ તરફથી તેઓ હાજર રહી બંદોબસ્તમાં મદદ કરશે. નોંધનીય છે કે આ માટે પોલીસની સાથે સાથે દરિયાપુરની પ્રજાએ પણ તેમને અત્યારથી જ આમંત્રણ પાઠવી દીધું છે.વિગત એવી છે કે દરિયાપુર વિસ્તાર એટલે અતિ સંવેદનશીલ વિસ્તાર ગણાતો આવ્યો છે. રથયાત્રા વખતે દરિયાપુરમાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે પરંતુ દરિયાપુર પોલીસ મથકમાં પી.આઈ. તરીકે વી.ડી.વનારને નીમાયા બાદ તેમણે પોતાના અથાગ પ્રયત્નો દ્વારા હિન્દુ-મુસ્લિમ કોમના લોકોને એકજુટ કરી દીધા હતાં.

દરિયાપુર પોલીસ મથકમાં પોતાના કાર્યકાળ દરમ્યાન પી.આઈ.વનારે પોલીસ મથકમાં જ સમૂહલગ્ન યોજી એક નવો જ ઈતિહાસ સર્જી દીધો હતો. આ ઉપરાંત તેમણે હિન્દુ-મુસ્લિમ કોમના લોકો માટે મેડીકલ કેમ્પનું, ક્રિકેટ ટૂર્નામેન્ટ જેવા વિવિધ સેવાકીય

● અનુસંધાન પાના-૫ પર

# સ્વાતી તો અમારા માટે ઇશ્વર સમાન છે

ગાંધીનગરના સમાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સ્વાતી ગઢીયાનું નામ જાણીતું છે. ગાંધીનગરમાં યોજાતા સાંસ્કૃતિ કાર્યક્રમોમાં નિયમિત હાજરી આપતા સ્વાતી ગઢીયા પાસે ગુજરાતી ગીતોનો ખુબ સુંદર સંગ્રહ છે. તેણે ઘરે બેસીને ધીમે ધીમે કોસ્મેટીક્સનો બિઝનેસ જમાવ્યો છે અને વેબ ડીઝાઈનીંગનું કામ પણ કરે છે. સવારથી મોડીરાત સુધી સતત એક્ટીવ રહેતા સ્વાતી ગઢીયા એ ભલે ત્રણ દાયકાનું જીવન વ્હીલચેર પર વિતાવ્યું હોય પણ તેઓ અન્ય સામાન્ય યુવતીઓ કરતાં જરાય પાછળ નથી તેવો અહેસાસ અપાવી સતત આગળ વધવાની પ્રેરણા તો મમ્મી-પપ્પાએ જ આપી છે.

સ્વાતી ગઢીયા કહે છે કે, આજે હું જે કંઈ પણ પ્રવૃત્તિ કરું છું અને મારું જે કાંઈ નામ થયું છે તે માટે મારા મમ્મી-પપ્પા અને મારા પરિવારે ખૂબ મહેનત કરી છે. શારીરિક રીતે વિકલાંગ હોવાથી ક્યાંય પણ જવું હોય તો મને ખૂબ તકલીફ પડે છે. પરંતુ મારા પપ્પા સતત મારી પડખે રહ્યા છે અને મારા સારથી બન્યા છે તો મમ્મી ભાનુબેને મને માનસિક રીતે ખૂબ મજબુત બનાવી છે. તેઓ બંને મારા માટે જ જીવ્યા છે. એક સમયે હું અભ્યાસથી કંટાળી ગઈ હતી. મારે ભણવું ન હતું તે વખતે મને મારા મમ્મી અને ભાઈ મયંક પટેલે ખૂબ સમજાવી અને અનુસ્નાતક સુધી અભ્યાસ કરાવ્યો. હવે અમારી પાસે કાર છે એટલે ક્યાંય પણ આવવા જવામાં ખૂબ સરળતા રહે છે. પરંતુ જ્યારે નાની હતી ત્યારે રીક્ષા બંધાવતા અને ઉંચકીને જ ક્યાંય પણ લઈ જતાં.

સ્વાતીને સતત કાર્યશીલ બનાવનાર તેના મમ્મી તો આજે આ દુનિયામાં નથી પણ તેના પપ્પા સતત તેની સાથે જ છે. સ્વાતીના પપ્પા જયંતીલાલ ગઢીયા કહે છે કે, અમારી સ્વાતી તો અમારા માટે ભગવાન છે. અમારું ઘર તેની ઈચ્છા અને તેની સગવડ પ્રમાણે જ ચાલે છે. અમારું ઘરનું ફર્નીચર પણ એવું લેવાય છે જેનાથી તેને તકલીફ ન પડે. કાર લેવાની હતી ત્યારે પણ તેની સગવડ પહેલાં જોવાઈ હતી. તે ખૂબ સમજદાર છે અને તટસ્થ રીતે તેના નિર્ણયો આપતી હોવાથી તેનો અભિપ્રાય ઘરમાં પહેલો લેવાય છે.

સ્વાતીએ ઘરે બેસીને કોસ્મેટીક્સનો બિઝનેસ જમાવ્યો છે. તેની અંદરમાં ૮૦ થી વધુ મહિલા સભ્યો કામ કહે છે. ખૂબ જ એક્ટીવ સ્વાતીને તેની કંપનીએ હમણાં જ માઉન્ટ આબુની ટૂર આપી હતી. પોતે કરેલી મહેનતનું ફળ હોવાથી સ્વાતી માઉન્ટ આબુની ટૂર પણ કરી આવ્યા છે. તેઓ કહે છે કે હું ખૂબ નસીબદાર છું મને મમ્મી-પપ્પા અને ભાઈનો પ્રેમ તો નાનપણથી જ મળ્યો છે. પરંતુ લગ્ન કરીને અમારા ઘરે આવેલી ભાભી કિંજલે પણ મને સવાયો પ્રેમ આપ્યો છે. ભાભી મારા માટે કોઈ તકલીફ ઉઠાવે અને હું કંઈ કહું તો તરત કહે મારે કોઈ દિકરી નથી અને કોઈ બહેન પણ નથી, જે કાંઈ છો તે તમે જ છો. આવો પ્રેમ બીજે ક્યાં મળે અને હા, મારા બે યુવાન ભત્રીજાઓ જય અને મલય લોન ટેનિસના અચ્છા ખેલાડી છે. લોન ટેનિસ રમી રમીને મજબૂત બનેલા તેમના બાવડાઓ થકી તેઓ સ્વાતી ફઈને ઉંચકીને એવરેસ્ટ પર પણ લઈ જઈ શકે છે. તેમનો સાથ અનન્ય છે.

પરિવારજનોનો આટલો સહયોગ અને પ્રેમ જોઈ ક્યારેક આંખો ભરાઈ આવે છે. ઈશ્વરને ક્યારેય ફરિયાદ નથી કરી. તેણે ભલે મારી ચાલવાની શક્તિ લઈ લીધી હોય પરંતુ મારા પરિવારૂપે મને એટલો મજબૂત ટેકો આપ્યો છે કે તે માટે તો મારે ઈશ્વરનો સતત આભાર માનવો જોઈએ.

સંબંધ સજાવે જિંદગી

**થેન્ક્યુ મમ્મી-પપ્પા**

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com



## વ્હીલચેર પર જીવનના ત્રણ દાયકા વિતાવી દેનાર સ્વાતી ગઢીયાને ગાંધીનગરના સામાજિક ક્ષેત્રમાં સક્રિય બનાવવામાં તેના માતા-પિતાનો સિંહ ફાળો છે

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૦.૧૫

ઈશકઝાદ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫

એમઆઈબી-૩ (અંગ્રેજી) : ૬.૦૦

છોટા ભીમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદ : ૧૦.૦૦, ૭.૦૦

ડિપાર્ટમેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦

હાઉસફુલ-૨ : ૪.૦૦

**સ્ક્રીન-૪ :** રક્ષબીજ : ૧૦.૦૦

જન્નત-૨ : ૧૨.૩૦

વીકી ડોનર : ૩.૦૦, ૧૦.૧૫

છોટા ભીમ : ૫.૩૦

એમએલએ : ૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** મેન ઈન બ્લેક (હિન્દી) ૩ડી : ૯.૦૦, ૧૧.૧૫, ૩.૧૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૩૦

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** યે ખુલા આસમાન : ૧૦.૧૫, ૨.૪૫, ૭.૪૫

વીકી ડોનર : ૧૨.૧૫

વીર હમીરજી-સોમનાથની સંગાથે (ગુજરાતી) : ૪.૪૫

ડિપાર્ટમેન્ટ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** લવ રેસીપી : ૯.૩૦, ૨.૩૦

જન્નત-૨ : ૧૨.૦૦, ૧૦.૩૦

ડિપાર્ટમેન્ટ : ૫.૦૦

વીકી ડોનર : ૮.૦૦

### સૂર્યા, વાવોલ

કહર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વીર હમીરજી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** રોજગારીની નવી તક પ્રાપ્ત થઈ શકે છે. લાંબા ગાળાનું આયોજન ઉપયોગી સાબિત થઈ શકે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે.

**વૃષભ :** વારસાગત મિલકતના પ્રશ્નોનો હલ આવી શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકણ આવી શકે. સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી.

**મિથુન :** કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બને. લગ્નોત્સુકોને યોગ્ય જીવનસાથીની પસંદગી થઈ શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક.

**કર્ક :** કાયદાકીય પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. નોકરી- વેપારમાં સમય પ્રગતિદાયક. સટ્ટાકીય બાબતોમાં ખાસ સંભાળવું. લગ્નજીવન સુખમય રહે.

**સિંહ :** નાણાંકીય સ્થિતિમાં સુધારો જણાય. વેપાર ક્ષેત્રે અગાઉ કરેલા રોકાણનું ફળ મળતું જણાય. ભૌતિક સુખ સુવિધામાં વધારો થતો જણાય.

**કન્યા :** સટ્ટાકીય બાબતોમાં સાવચેતી રાખવી. કોર્ટ-કચેરીના પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. અભ્યાસક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે.

**તુલા :** માનસિક ચિંતા હળવી બનતી જણાય. વેપાર અર્થે થયેલા પ્રવાસ લાભદાયી બની રહે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવતું જણાય.

**વૃશ્ચિક :** વેપારમાં ભાગીદારમાં સંભાળવું. અગાઉ કરેલા રોકાણનો લાભ મળી રહે. મિત્રો- સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**ધન :** સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સાવચેતી રાખવી. સમય સાનુકૂળ.

**મકર :** નોકરીયાત વર્ગને બદલી- બઢતીની શક્યતાઓ. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આકસ્મિક ધન- લાભ થવાની શકયતા.

**કુંભ :** મનની ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી બની રહે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય.

**મીન :** સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય. માનસિક ચિંતા હળવી બને. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું રહે. વેપારમાં નવું રોકાણ થઈ શકે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલભાઈ પરસોત્તમદાસ પટેલ (ઉ.વ. ૭૭) ત્રિ-મંદિર સીટી, મુ. પો. અડાલજ તા., જિ. ગાંધીનગર
- સ્વ. નીતાબેન લાલાજી ઠાકોર (ઉ.વ. ૧૮) મુ. પો. ઉવારસદ તા., જિ. ગાંધીનગર
- સ્વ. મોહનભાઈ જીવકાભાઈ પટેલ (ઉ.વ. ૯૨) મુ. પો. મોટી આદરજ તા., જિ. ગાંધીનગર
- સ્વ. એમથુજી બળીયાજી વાઘેલા (ઉ.વ. ૭૫) મુ. પો. વાસણીયા મહાદેવ તા., જિ. ગાંધીનગર